# અરવલ્લીમાં ફરીથી ભારે પવન સાથે વરસાદ

## ભિલોડાના સુનસરનો ધોધ છલકાયો : અનેક વિસ્તારોમાં વરસાદ સાથે વીજળી ડૂલ થતાં પ્રજા અકળાઈ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લામાં ચોમાસુ સીસ્ટમ સક્રીય થઈ હોય તેમ શુક્રવારની સમી સાંજે પણ અનેક વિસ્તારોમાં ભારે પવન ફુંકાવવાની સાથે વરસાદ ખાબક્યો હતો. ભિલોડા તાલુકામાં ધોધમાર વરસાદના કારણે સુનસરનો જાણીતો ધોધ ચોમાસા પૂર્વે છલકાઈ જતાં પ્રજા વિસ્મિત બની છે. ભારે પવનમાં ધૂળની ડમરીયો ઉડવાની સાથે વરસાદ શરૂ થતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ હતી જેના કારણે પ્રજા બફારામાં અકળાઈ ઉઠી હતી. છેલ્લા બે દિવસથી પ્રિ-મોન્સૂન એક્ટીવીટીની અસરથી વાતાવરણમાં ચોમાસા જેવો માહોલ ઉભો થયો છે. સાંજ પડે આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાઈ જતાં હોવાથી ઓણસાલ ચોમાસુ વહેલું શરૂ થયાનું જણાઈ રહ્યું છે.

તાઉતે વાવાઝોડું આવ્યું અને પસાર થઈ ગયા પછી પણ હવામાનમાં ગજબના બદલાવ જોવા મળી રહ્યા છે. એક સપ્તાહ અગાઉ ઉનાળાના અંતિમ ચરણમાં ગરમીએ સૌ કોઈને ત્રાહીમામ કરી મૂક્યા હતા પરંતુ હમણાંથી એક પછી એક કમોસમી વરસાદ વરસી રહ્યો છે જેના કારણે વાતાવરણમાં સામાન્ય ઠંડક થઈ છે પરંતુ બફારો બેકાબુ બની ગયો છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગત રોજ સમી સાંજે આકાશમાં કાળાં ડીબાંગ વાદળોએ ઘેરો ઘાલ્યા પછી ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો જેમાં ભિલોડા પંથકમાં ધોધમાર વરસાદના કારણે વિધિવત રીતે ચોમાસુ બેઠું હોય તેવો માહોલ ઉભો થયો હતો. ધોધમાર વરસાદ વરસતાં સૂનસરનો પ્રત્યાત ધોધ પાણીથી છલકાઈ ગયો હતો. સામાન્ય રીતે ચોમાસામાં ધોધમાર વરસાદ વરસે ત્યારે ધોધ ખળખળ વહેતો થતો હોય છે અને દૂર દૂરથી સહેલાણીઓ ધોધની મજા માણવા માટે આવતા હોય છે.

પરંતુ આ વખતે ઉનાળો વિદાય થયો નથી અને ચોમાસાના વિધિવત પ્રારંભ અગાઉ કમોસમી વરસાદે ધોધને વહેતો કરતાં પ્રજા પણ આશ્ચર્યમાં મૂકાઈ છે. જિલ્લામાં ફરીવાર વરસાદ ખાબકતાં મગફળી સહિતના પાકોને વધુ નુકસાન પહોંચ્યું છે. જ્યારે ઈંટ ઉદ્યોગને ચોમાસા પૂર્વે અગણિત નુકસાન પહોંચ્યું છે.



## અરવલ્લી જીલ્લા સેવા સદન ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

૫ જૂન જેને સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં વિશ્વમાં અનેક જગ્યાએ વૃક્ષપ્રેમીઓ દ્વારા જુદા જુદા વૃક્ષોનું જતન કરવામાં આવે છે. અને તેની આજથી લઈને દરરોજ એ વૃક્ષોની માવજત કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ અરવલ્લીના જીલ્લા સેવા સદન ખાતે કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારીના હસ્તે વૃક્ષારોપણ કરીને હર્ષ ભેર વિશ્વ પર્યાવણ દિવસની ઉજવણી કરી હતી.

વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરોનાની મહામારી સામે વિશ્વમાં અનેક લોકો ઓક્સિજન ન મળવાથી પોતાના જીવ ગુમાવ્યા છે. જેને લીધે આવનાર સમયમાં પણ લોકોને ઓક્સિજન માટે કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે. અનેક લોકોને શુદ્ધ વાતાવરણ મળી રહે તે અનુસાર દરેકે વૃક્ષોનું જતન કરવું જોઈએ.

# ઉત્તર ગુજરાતમાં તળાવો ઉંડા કરવામાં દળી દળીને કુલડીમાં ભર્યા જેવો ઘાટ

## ભૂગર્ભ જળના વ્યવસ્થાપનની ચિંતાજનક સ્થિતિ, ગત ચોમાસા પૂર્વે ઉંડાં થયેલ તળાવો તળીયા ઝાટક : કરોડોના આંધણ પછી પણ ભૂગર્ભ જળસ્તરની સ્થિતિ ઠેરની ઠેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઉત્તર ગુજરાતમાં જળસંચય યોજના હેઠળ તળાવો ઉંડા કરવાની કામગીરી દર વર્ષે હાથ ધરવામાં આવે છે પરંતુ તળાવોમાં પાણીની સંગ્રહશક્તિનો વધારો થાય તેવા કામોમાં દળી દળીને કુલડીમાં ભર્યા જેવો ઘાટ ઘડાયો છે. ભૂગર્ભ જળના વ્યવસ્થાપનમાં કોઈ ઠોસ કામગીરી થઈ નથી જેના કારણે ૫ જિલ્લામાં ભૂગર્ભ જળના નિયંત્રણ ઉપર કોઈ ખાસ નીતિ બનાવવામાં નહીં આવે તો આગામી સમયમાં પીવાના પાણીની મોટી સમસ્યાના એંધાણ છે. ઉત્તર ગુજરાતમાં થતા પાણીના ઉપયોગ સામે ભૂગર્ભ જળનું વ્યવસ્થાપન યોગ્ય રીતે થતું ન હોવાનો ખુદ કેન્દ્રએ રિપોર્ટ કર્યો છે. ટૂંકમાં કરોડો રૂપિયાના આંધણ પછી તળાવો ઉંડાં તો થયાં પરંતુ ભૂગર્ભ જળની સ્થિતિ ઠેરની ઠેર રહી છે અને વર્તમાન સમયમાં ચોમાસુ વિધિવત શરૂ થાય તે અગાઉ ૫ જિલ્લામાં ૨૦૦૦થી વધુ નાનાં-મોટાં તળાવો તળીયા ઝાટક થયાં છે.



જળ બચાવો અભિયાન પાછળ સરકારે કરોડો રૂપિયાનો ધુમાડો કર્યો છે છતાં ઉનાળાના આરંભે નદી, તળાવ, ચેકડેમ સૂકા ભઠ્ઠ બની જતા હોય છે. ચોમાસુ સારૂ જાય તો પણ જળાશયોમાં પાણીનું ચિંતાજનક ચિત્ર જોવા મળતું હોય છે. છેલ્લા કેટલાક સમયથી સરકાર દ્વારા મોટાપાયે જળ અભિયાન ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ચલાવાઈ રહ્યું છે અને સિંચાઈ તેમજ મનરોગાના કામો હેઠળ ખાસ કરીને તળાવો ઉંડા કરી ભૂગર્ભ જળસ્તરમાં સુધારો લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ અનેક વિસ્તારોમાં એકના એક તળાવો વારંવાર ઉંડાં કરવા છતાં ભૂગર્ભ જળસ્તરની સપાટીમાં આજદિન સુધી કોઈ સુધારો આવ્યો નથી. ભૂગર્ભ જળના વ્યવસ્થાપનમાં ખાટલે મોટી ખોડ રહી ગઈ હોય તેવી સ્થિતિ સામે આવી છે. કેન્દ્રએ રિપોર્ટમાં ચેતવણી આપી છે કે ઉત્તર ગુજરાતમાં યોગ્ય રીતે ભૂગર્ભ જળનું વ્યવસ્થાપન નહીં થાય તો પીવાના પાણીની સમસ્યા ઉદ્‌ભવી શકે છે. ભૂગર્ભમાંથી આડેધડ પાણીનું દોહન મોટી સમસ્યા લાવી શકે છે. ઉત્તર ગુજરાતમાં પાણી માટે બોરવેલ અને કૂવાની સંખ્યામાં સતત વધારો થાય છે પરંતુ તેની સામે યોગ્ય રીતે જળ વ્યવસ્થાપન થતું ન હોવાનો ખુલાસો થયો છે. કેન્દ્રીય નીતિ આયોગે થોડાક મહિનાઓ અગાઉ ઉત્તર ગુજરાતમાં વ્યવસ્થાપનના અભાવે ઉભી થનારી પાણીની ગંભીર સમસ્યા મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં તળાવો ઉંડા કરવામાં જળ સંગ્રહ શક્તિમાં વધારો થયો છે તેવા રિપોર્ટ કરવામાં આવે છે પરંતુ ઉનાળા પૂર્વે જ તળાવો તળીયા ઝાટક થઈ જતાં હોવાથી હવે તળાવોની સાથે કૂવા તેમજ શહેરી વિસ્તારમાં તૈયાર થતા મકાનોમાં બોરકૂવા બનાવતાં અગાઉ પાણીના રીચાર્જ માટેની ઠોસ વ્યવસ્થા ગોઠવવી જરૂરી બની છે.

## પ્રાંતિજના નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ફતેપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે વૃક્ષારોપણ કરવામા આવ્યું. હાલની કોરોના મહામારીમાં ઓક્સિજનનું કેટલું મહત્વ છે તે દરેક માણસને સમજાઈ ગયું છે. વૃક્ષ પોતે કાર્બન ડાયોક્સાઈડ વાયુ લઈને ઓક્સિજન પૂરો પાડે છે. વૃક્ષો વરસાદને ખેંચી લાવે છે અને વાતાવરણને સંતુલિત રાખે છે. તે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ફતેપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમાં સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને સી.એચ.ઓ. તેજસ નાયક, આરોગ્ય કાર્યકર રાહુલ પરીખ, મીનાક્ષીબેન ઝાલા વગેરે સ્ટાફ દ્વારા છોડવાઓની રોપણી કરી તેનું જતન કરવાનો સંકલ્પ કર્યો હતો.

# હિંમતનગર-કાંકણોલ રોડ તૈયાર કરવામાં માટી ઉપર ડામર પાથર્યો

## રોડના કામમાં પોલંપોલ, રોલરથી પીચીંગ કરી ભ્રષ્ટાચાર દબાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠાના હિંમતનગર-કાંકણોલ રોડના નબળા કામને અટકાવી દેવાયા પછી નબળા કામની પોલ ખૂલવા લાગી છે. હલકી ગુણવત્તાના કામની ક્વોલીટી જળવાઈ હોવાનું જણાવી રોડના કામનાં બીલ પાસ કરાવવામાં ભ્રષ્ટ અધિકારીઓ ખિસ્સાં ભરતા હોવાના આક્ષેપ સામે આવ્યા છે જેમાં હિંમતનગર-કાંકણોલ રોડના કામમાં તો માટી ઉપર ડામર પાથરી મસમોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ઉઠેલી ફરિયાદની તપાસ થશે તો રોડ બનાવવાના નબળા કામો અને ગુણવત્તા ખરાઈની વધુ પોલ ખૂલી શકે છે.



જિલ્લા પંચાયત હસ્તક અને આર. એન્ડ બી. વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં થતા રોડના કામમાં મોટાપાયે ગેરરીતી થતી હોવાની ફરિયાદો ઉઠ્યા પછી હિંમતનગર કાંકણોલ રોડના નબળા કામે ભ્રષ્ટાચારને સમર્થન આપ્યું છે. મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હિંમતનગર-કાંકણોલને જોડતા રોડના કામ માટે ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ થયા પછી રૂા.૧.૮૩ કરોડના અંદાજીત ખર્ચે નિર્માણાધિન રોડના કામમાં કામ કરનાર એજન્સીએ લોટ, પાણીને લાકડાં વાળી નીતિ અપનાવી હતી જેથી જાગૃત જિલ્લા પંચાયત અધ્યક્ષ વિપુલ પટેલ દ્વારા હલકી ગુણવત્તાના કામની સ્થળ તપાસ કરી કામ અટકાવવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના અધ્યક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે માટી ઉપર સીધો જ ડામર પાથરી દઈ રોલરથી પીચીંગ કરી દેવામાં આવ્યું છે. જ્યારે રોડના કામમાં દેખીતી ગેરરીતી છતાં કાર્યપાલક ઈજનેર દ્વારા નબળા કામનો કોઈ ઈસ્યુ જ નથી તેવું કહી ભ્રષ્ટાચારને છાવર્યો હોવાના આક્ષેપ શરૂ થયા છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં આર.એન્ડ બી. વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી રોડનાં નબળાં કામ કરી ભ્રષ્ટ અધિકારીઓ કોન્ટ્રાક્ટરો સાથે પોતાનાં ખિસ્સાં ભરતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે હિંમતનગર-કાંકણોલ રોડના નબળા કામની તટસ્થ તપાસ થશે તો જિલ્લા પંચાયત આર. એન્ડ બી. દ્વારા અન્ય રોડના કામમાં થયેલ પોલંપોલની વધુ ચોંકાવનારી વિગતો પ્રજા સમક્ષ ઉજાગર થવાની સંભાવના છે.




**બેસણું**

**મારા પુત્ર**

**કૌશલેન્દ્ર(ભોલો) ભરતભાઈ પટેલ**

તા.૫-૬-૨૦૨૧, શનિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. ભગવાન સ્વામિનારાયણ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

**સદ્‌ગતનું બેસણું :** તા.૭-૬-૨૦૨૧, સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

**નિવાસસ્થાન :** ૧૫, વ્રજભૂમિ સોસાયટી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાછળ, બાયડ, જિ.અરવલ્લી. મો.૯૪૨૭૮૧૩૨૪૯

**લી.**

| | |
|---|---|
| ભરતભાઈ લવજીભાઈ પટેલ | જીતેન્દ્રભાઈ લવજીભાઈ પટેલ |
| અનિલભાઈ લવજીભાઈ પટેલ | ધ્રુવકુમાર જીતેન્દ્રભાઈ પટેલ |
| વિઠ્ઠલભાઈ રણછોડભાઈ પટેલ | દર્શનકુમાર વિઠ્ઠલભાઈ પટેલ |
| ગોપાલકુમાર વિઠ્ઠલભાઈ પટેલ | રાજવીર વિરેન્દ્રકુમાર પટેલ |


# બાયડમાં પર્યાવરણ દિવસે દુર્લભ પ્રજાતિનો કાચીંડો દેખાયો

## ફેન થ્રોટેડ લીઝાર્ડ જોવા મળતાં રોમાંચ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

તા.૫ જુનના રોજ વિશ્વ પર્યાવરણની ઉજવણી થઈ. પર્યાવરણ અને જૈવ વિવિધતા એકબીજાના પૂરક છે પરંતુ કેટલીક પ્રજાતિના જીવ લુપ્ત થઈ રહ્યા છે ત્યારે બાયડમાં પર્યાવરણ દિવસે જ ફેન થ્રોટેડ લીઝાર્ડ પ્રજાતિનો દુર્લભ કાચીંડો દેખાતાં રોમાંચ જાગ્યો છે. બાયડના પર્યાવરણ પ્રેમી અને જીવવિજ્ઞાન શિક્ષક વિક્રમ પંચાલને આ કાચીંડો નજરે પડતાં તેની હીલચાલને મોબાઈલમાં કેદ કરી વડોદરાના જાણીતા હર્પેટોલોજીસ્ટ ડૉ.રાજુભાઈ વ્યાસને તેની જાણકારી આપતાં તેઓ પણ રોમાંચિત થઈ ગયા હતા અને વર્ષ-૨૦૧૬ના સમયગાળામાં આ પ્રકારના કાચીંડાની પ્રજાતિ સંશોધિત થઈ હોવાનું જણાવ્યું છે.



પર્યાવરણ અસંતુલિત થતાં જળચર, નભચર, થલચર પ્રાણીઓ ઉપર સંકટ ઘેરાયું છે. પર્યાવરણ દિવસ અને વન્ય પ્રાણીઓને બચાવવા માટે ખાસ દિવસોની ઉજવણી થાય છે પરંતુ દુર્લભ જીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે ખુબ ઓછા પ્રયાસો થઈ રહ્યા છે. શનિવારે સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થઈ રહી હતી તે સમયે બાયડના પર્યાવરણ પ્રેમીની નજરે પંખા જેવી ઝાલર ધરાવતો કાચીંડો નજરે પડતાં તેઓ હરખાઈ ઉઠ્યા હતા. દેશના મહારાષ્ટ્ર, કર્ણાટક ઉપરાંત રાજ્યના જૂજ છૂટાછવાયા વિસ્તારોમાં ફેન થ્રોટેડ લીઝાર્ડ જોવા મળે છે જેથી તેમને આ દુર્લભ કાચીંડાની તમામ હિલચાલને કેમેરામાં કેદ કરી હતી. બાયડમાં સૌ પ્રથમવાર કાચીંડાની દુર્લભ પ્રજાતિ જોવા મળતાં પર્યાવરણ પ્રેમીઓ આનંદિત બન્યા છે. રાસાયણિક દવાઓના આડેધડ ઉપયોગ તેમજ પર્યાવરણ પ્રદૂષિત થતાં અનેક પ્રજાતિના જીવ નામશેષ થયા છે ત્યાં બાયડનગરમાં સરીસૃપ વર્ગનો અને સીટાના સ્પાઈનોસીફેલસ નામના કાચીંડાએ આશ્ચર્ય જગાવ્યું છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં જનસેવા કેન્દ્રો શરૂ થતાં અરજદારોને રાહત

## આધાર નોંધણી, ઈ-ધરાને લગતી કામગીરીનો ભરાવો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૫ જૂનથી સરકારી વિભાગોની તમામ કચેરીઓ કાર્યરત થવાની સાથે ૭ જૂનથી ૧૦૦ ટકા સ્ટાફ સાથે કામગીરી શરૂ કરવાના આદેશ પછી બંન્ને જિલ્લામાં કોરોના કાળમાં બંધ રહેલા જનસેવા કેન્દ્રો શરૂ કરવામાં આવતાં અરજદારોએ રાહત અનુભવી છે. જનસેવા કેન્દ્રો બંધ રહેવાના કારણે તાલુકા કક્ષાના કેન્દ્રો ઉપર આધાર નોંધણી તથા ઈ-ધરા કેન્દ્રો ઉપર કામનું ભારણ વધી શકે છે.

રાજ્યમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. કોરોનાનું સંક્રમણ ઓછું થતાં રાજ્ય સરકાર દ્વારા સોમવારથી તમામ કચેરીઓમાં ૧૦૦ ટકા સ્ટાફની હાજરી સાથે કામગીરી કરવા મુખ્ય મંત્રીએ આદેશ આપ્યા છે. આ સાથે સરકારી કચેરીઓ ઉપરાંત હવેથી જનસેવા કેન્દ્રો પણ રાબેતા મુજબ શરૂ થયાં છે. કેન્દ્રો ઉપર કામ અર્થે આવનાર અરજદારોએ ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનો રહેશે. જિલ્લામાં છેલ્લા બે મહિનાથી જનસેવા કેન્દ્રો બંધ રહેતાં અરજદારો મુશ્કેલીમાં મૂકાયા હતા. જ્યારે જરૂરી દસ્તાવેજો માટે કેટલીક સુવિધાઓ ગ્રામ પંચાયતોમાં ઉભી કરવામાં આવી છે પરંતુ સ્ટેશનરીના અભાવે અરજદારોને જરૂરી દસ્તાવેજો ન મળતાં જનસેવા કેન્દ્રો શરૂ કરવા માટેની માંગ થઈ હતી પરંતુ હવે ખુદ સરકારે જ સરકારી કચેરીઓની સાથે જનસેવા કેન્દ્રો પૂરા સ્ટાફ સાથે શરૂ કરાવ્યાં છે જેના કારણે આધાર નોંધણી તેમજ ઈ-ધરા સહિતના કામો માટે અરજદારોની હાલાકી ઓછી થવાના અણસાર છે. બે દિવસથી જન સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવતાં કેટલાક કેન્દ્રો ઉપર અરજદારોની પાંખી હાજરી રહી પરંતુ કચેરીમાં અરજીઓનો ભરાવો થયાનું જાણવા મળ્યું છે.

# જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી : કોવિડ ગાઈડલાઈન સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયા

બાયડ તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા તેમજ તાલુકા સેવા સદન ખાતે કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે અધિકારીઓ-કર્મચારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયા હતા. જ્યારે સામાજીક સંસ્થાઓ દ્વારા પણ પર્યાવરણ દિનની ઉજવણી થઈ હતી. કોરોનાના કાળમાં ઓક્સિજનની અછતે પર્યાવરણ તેમજ વૃક્ષો પ્રત્યે વધુ જાગૃતતા દેખાઈ હોય તેમ શૈક્ષણિક સંકુલો, હોસ્પિટલો સહિત પ્રકૃતિ પ્રેમીઓએ પોતાના ઘરે વૃક્ષો વાવી પોતાનું ઉત્તર દાયિત્વ નિભાવ્યાનું જાણવા મળ્યું છે.

પાછલાં કેટલાંક વર્ષોથી ગ્લોબલ વોર્મિંગની વિકરાળ સમસ્યા આંગણે આવીને ઉભી છે. પ્રદૂષણની માત્રામાં વધારો થતાં સ્વચ્છ હવાનો એક શ્વાસ ભરવો શહેરી વિસ્તારો માટે મુશ્કેલ બન્યો છે. વૈશ્વિક મહામારી કોરોનામાં તો ઓક્સિજનની દેશભરમાં અછત ઉભી થતાં સૌ કોઈને હવે સ્વચ્છ ઓક્સિજન પૂરો પાડતાં લીલાં વૃક્ષોનું મહત્વ સમજાયું છે. શનિવારે પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષોના રોપા વાવી ખાસ દિવસની ઉજવણી કરી હતી. સરકારી ગાઈડલાઈનને અનુસરી જિલ્લા તેમજ તાલુકા સેવા સદનમાં પણ વૃક્ષારોપણ કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. બાયડ ગાયત્રી શક્તિપીઠના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન



હેઠળ બાયડની સ્વામિનારાયણ સોસાયટીના રહીશોને ગાયત્રી પરિજનો દ્વારા તુલસીનો છોડ આપી ગાયત્રી મંત્ર સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વાત્રક હોસ્પિટલના સ્ટાફ દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં સંજયભાઈ શાહ, ડૉ.દેવમ્ સોની, અશોકભાઈ જોષી વગેરેએ રોપા વાવી સંપૂર્ણ વૃક્ષ ઉછેરનો સંકલ્પ લીધો હતો. આ ઉપરાંત જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ દ્વારા તાલુકાની બીબીપુરા પ્રા. શાળા, જૂની-નવી વાસણી પ્રા. શાળા તેમજ મોડાસામાં નરેન્દ્ર મોદી વિચારમંચ આઈ.ટી. સેલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસારના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ ઉંટરડાના પૌરાણિક મહાદેવ મંદિર પરીસરમાં વૃક્ષારોપણ કરી પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવાની સાથે અન્ય લોકોને વૃક્ષોના જતન માટે સંદેશ આપ્યો હતો.